For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ચૂંટણી રદ છતાં સુરત બેઠક પર આચારસંહિતા ચાલુ રહેશે

**સુરત** જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા માર્ગદર્શન માંગવામાં આવતાં રાજ્ય ચૂંટણી પંચનો આદેશ

**સ્ટેટિક** ટીમની સાથે સાથે સર્વેલન્સની કામગીરી ચાલુ જ રહેશે, વાહનોનું ચેકિંગ પણ કરાશે

**વાહનોની** વિડીયોગ્રાફી પણ થશે, બિનહિસાબી રોકડ રકમ વધુ હશે તો જપ્ત થશે

સુરતઃ સુરત લોકસભાની બેઠક પરથી ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થવા છતાં પણ આ બેઠક પર ચૂંટણીની તમામ આદર્શ આચારસંહિતા ચાલુ જ રહેશે. કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થવાની સાથે સાથે અન્ય ઉમેદવારો દ્વારા ફોર્મ પરત ખેંચી લેવામાં આવતા સુરત લોકસભાની બેઠકની ચૂંટણી ટળી હતી. જેથી આ બેઠક વિસ્તારમાં આચારસંહિતનો અમલ ચાલુ રાખવો કે કેમ તે અંગે સુરતના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડો. સૌરભ પારધી દ્વારા રાજ્યના ચૂંટણી પંચનું માર્ગદર્શન માંગવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ

...અનુસંધાન પાના 5 પર

## સુરત બેઠક પર કેટલાકને ઈલેક્શન ડ્યૂટીમાંથી મુક્તિ મળશે, કેટલાકે કામગીરી કરવી પડશે

સુરત બેઠકની ચૂંટણી રદ થઈ જતાં આ બેઠક પર ચૂંટણી પ્રક્રિયા માટે જેના ઓર્ડર થયા હતા તેઓ ખુશ થઈ ગયા હતા કે હવે ઈલેક્શન ડ્યુટી કરવી નહીં પડે. જોકે, ચૂંટણી પંચે આ કામગીરીમાંથી કોને મુક્તિ મળશે તેની હજુ સુધી જાહેરાત કરી નથી. સુત્રોના

...અનુસંધાન પાના 5 પર

# સુરત બેઠક બિનહરીફ થતાં નવસારી, બારડોલી બેઠકના સુરત શહેરના મતદારો મૂંઝવણમાં

**સુરત** શહેરમાં ત્રણ લોકસભા બેઠકના મતદારો છે, ઘણાને ગેરસમજ ઊભી થઈ સુરતમાં મતદાન નહીં થાય

**બારડોલી** અને નવસારી લોકસભા બેઠકના મતદારોને ચૂંટણી પંચ મતદાન માટે જાગૃત કરશે

સુરતઃ કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયા પછી બાકીના 8 ઉમેદવાર વ્યવહારિક રીતે બેસી જતાં સુરત લોકસભા બેઠકનું પરિણામ મતદાન પહેલાં જ આવી જતાં સીમાંકનની પૂરતી માહિતી ન ધરાવતા હજારો મતદારો સુરત શહેરમાં હવે મતદાન થવાનું નથી એવી ખોટી ગેર સમજણ ધરાવી રહ્યા છે, એવી વિગતોને પગલે ચૂંટણી પંચે સુરત શહેરમાં વસતા નવસારી અને બારડોલી બેઠકના મતદારોની મૂંઝવણ દૂર કરવા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવા તૈયારીઓ શરૂ કરી છે. સુરત શહેરમાં ત્રણ લોકસભા બેઠકના મતદારો રહે છે. ઘણાને ગેરસમજ ઊભી થઈ છે કે, સુરતમાં મતદાન નહીં થાય, પણ સુરત શહેરમાં આવેલા બારડોલી લોકસભા બેઠકના વિસ્તારો અને નવસારી લોકસભા બેઠકના મતવિસ્તારમાં તમારી લોકસભા બેઠકમાં મતદાન અચૂક કરવા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે.

સુરત લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ થતાં મતદારોમાં મતદાનને લઈ કેટલીક ગેરસમજ જોવા મળી છે. સુરત શહેર-જિલ્લામાં આવેલી 16 વિધાનસભા બેઠકમાં કુલ 47.66 લાખ મતદાર છે. એ પૈકી 29 લાખથી વધુ મતદાર બારડોલી, નવસારી બેઠકમાં હજી મતદાન કરવાના બાકી છે.

...અનુસંધાન પાના 5 પર

# ભાજપ વિરુદ્ધ મતદાન માટે કેસરિયા, સુરેન્દ્રનગરમાં ક્ષત્રિયોએ ભાજપ કાર્યાલયને ખાલી કરાવ્યું

**ક્ષત્રિયો** સાથેનો વિવાદ ભાજપને ભારે પડી શકે છે, તેથી ભાજપ સમાધાનના રસ્તા અપનાવી રહ્યું છે, પરંતુ ક્ષત્રિય સમાજની તો એક જ વાત છે... રૂપાલાની ટિકિટ રદ કરો પછી બીજી વાત




ગાંધીનગરઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરાયેલા વિવાદિત નિવેદન બાદ સમગ્ર રાજ્યભરમાં રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ ફાટી નીકળ્યો છે. ક્ષત્રિય સમાજ હવે રૂપાલાના વિરોધની સાથે ભાજપના વિરોધ પર પણ ઉતરી પડ્યા છે. સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજની વાડીમાં ભાજપ દ્વારા લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ ક્ષત્રિય યુવકોએ ભાજપના આ મધ્યસ્થ ચુંટણી કાર્યાલયને ખાલી કરાવી નાખ્યું છે. ક્ષત્રિય યુવક દ્વારા ભાજપ કાર્યાલય બંધ કરાવતા ભાજપમાં સોંપો પડી ગયો છે, અને ભાજપની ચિંતામાં વધારો થયો છે.

સુરેન્દ્રનગરમાં ગઈકાલે ક્ષત્રિય સમાજની વાડીમાં ભાજપ દ્વારા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખોલવામાં

...અનુસંધાન પાના 5 પર

## ઓપરેશન ભાજપ: 27 એપ્રિલથી 2જી મે સુધીમાં રાજ્યમાં ચાર સ્થળો ઉપર ક્ષત્રિય મહાસંમેલનનાં આયોજન

ગાંધીનગરઃ ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ હેઠળ ક્ષત્રિય સમાજ દ્વારા જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે. જેમાં આગામી દિવસોમાં રાજ્યમાં જુદા જુદા સ્થળો ઉપર ક્ષત્રિય સમાજના ચાર મહાસંમેલનો યોજવાનું આયોજન છે. ક્ષત્રિય સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહને જણાવ્યું હતું કે ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ આંદોલનને વધુ ઉગ્ર બનાવવા માટે ક્ષત્રિય સમાજ દ્વારા રણનીતિ તૈયાર કરવામાં આવી છે. જેના ભાગરૂપે તા. 27મી એપ્રિલના રોજ વિસનગર ખાતે, 28મી એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતનું મહા સંમેલન બારડોલી ખાતે, 1લી મે ગુજરાત સ્થાપના દિવસને અસ્મિતા દિવસની ઉજવણી સાથે આણંદમાં અને 2જી મેના રોજ જામનગરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાશે. આ મહાસંમેલનની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સંમેલનમાં 25,000 થી વધુ ક્ષત્રિયો ઉમટી પડશે.

## રૂપાલા વિવાદ: હર્ષ સંઘવીનું ડેમેજ કંટ્રોલ યથાવત, સાબરકાંઠા અને આણંદ જિલ્લાની મુલાકાત લીધી

**નારાજ** ક્ષત્રિય સમાજને સમજાવીને પીએમ મોદીને સમર્થન મળે તેવા પ્રયાસો

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણીમાં ક્ષત્રિય સમાજ નારાજ થયો છે ત્યારે ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનોને મેદાનમાં ઉતારીને નારાજ થયેલા ક્ષત્રિય સમાજના આગેવાનોને સમજાવીને હવે તેમને પીએમ નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા , સહયોગ આપવા મતદાન કરવા અપીલ કરાઈ છે. આ સમજાવટના પ્રયાસો કરવા માટે છેલ્લા ચારેક દિવસથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સતત જિલ્લાના પ્રવાસ કરી રહ્યાં છે. આજે હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા સાબરકાંઠા તથા આણંદ જિલ્લાની મુલાકાત લઈને ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે મહત્વની બેઠક યોજી હતી. અત્યાર સુધીમાં સંઘવી

...અનુસંધાન પાના 5 પર

# સુરત બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવાનો મામલો કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ પહોંચ્યો

**રાજ્ય** ચૂંટણી પંચે સમગ્ર ઘટનાનો રિપોર્ટ સુરત જિલ્લા ચૂંટણી અધિકારી પાસેથી માંગ્યો હતો

**સુરત** જિલ્લા ચૂંટણી અધિકારીએ કુંભાણીએ ફોર્મ ભર્યાથી માંડીને ફોર્મ રદ કર્યા સુધીની તમામ વિગતો સાથેનો રિપોર્ટ રાજ્ય ચૂંટણી પંચને મોકલી દીધો

**રાજ્ય** ચૂંટણી પંચે ટેકેદારોની ખોટી સહી મામલે હવે કેન્દ્રીય ચૂંટણી પંચનું માર્ગદર્શન માંગ્યું

સુરત, ગાંધીનગરઃ સુરત કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીના ઉમેદવારી પત્રમાં ટેકેદાર તરીકે ખોટી સહીઓ કરવામાં આવી હોવાનો મામલો હવે કેન્દ્રિય ચૂંટણી પંચ સમક્ષ પહોંચ્યો છે. સુરતના જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ સમગ્ર મામલે એક રિપોર્ટ ગાંધીનગરમાં મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીને મોકલ્યો છે. ઉમેદવારી પત્રમાં ખોટી સહીના કેસમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા કોઈ પગલા લેવા કે નહીં ? તે મુદ્દે ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નરનું માર્ગદર્શન માગવામાં આવ્યું છે.

સુરત લોકસભા બેઠકના

...અનુસંધાન પાના 5 પર

### ગદ્દાર...નિલેશ કુંભાણી સામે કોંગ્રેસીઓનો રોષ ચરમસીમાએ

## 'કુંભાણી જ્યાં સંતાવું હોય ત્યાં સંતાઈ જજો, સુરતમાં કાં તમે રહેશો કાં પ્રતાપ દૂધાત' રહેશે

**અમરેલી** જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતનું એલાન

**કુંભાણી** હજુ લાપતા પરંતુ તેની સામે જે રીતે ઉકળાટ વધી રહ્યો છે તે જોતાં સલામતી માટે પણ વહેલી તકે ભાજપમાં જોડાઈ જાય તેવી અટકળો

સુરતઃ સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ચૂંટણી ફોર્મ ટેકેદારોની ખોટી સહીઓના કારણે રદ થતાં કોંગ્રેસે શરમજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે. બુધવારે અમરેલી જિલ્લા કોંગ્રેસ-પ્રમુખ પ્રતાપ દૂધાતે નિલેશ કુંભાણીને આડે હાથ લીધા હતા. કુંભાણી અને તેમના ટેકેદારોને ચીમકી આપતાં કહ્યું હતું કે, તમારે જ્યાં કોઠીમાં ભાજપની આડમાં સંતાવું હોય ત્યાં સંતાઈ જજો, સુરતમાં કાં તમે રહેશો કાં પ્રતાપ દૂધાત રહેશે. નિલેશ કુંભાણીને

...અનુસંધાન પાના 5 પર

## ભાજપના બિનહરીફ ઉમેદવાર મુકેશ દલાલ ઘલુડી મંદિરના પાટોત્સવમાં ધાર્મિક સાથે મંચ પર દેખાયા

સુરત જિલ્લાના ઘલુડી ગામ ખાતે સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન સંતો, મહંતો અને સ્થાનિક લોકો એકત્રિત થયા હતા, પરંતુ સૌથી વધુ ધ્યાન આકર્ષે એવી ઘટના મંચ ઉપર જોવા મળી હતી. તાજેતરમાં જ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડનાર ધાર્મિક માલવિયા અને મુકેશ દલાલ એકસાથે મંચ ઉપર બેઠા હતા. આમ આદમી પાર્ટી છોડ્યા બાદ ધાર્મિક માલવિયા અને અલ્પેશ કથીરિયા ગમે ત્યારે ભાજપમાં જોડાઈ શકે તેવી શક્યતા છે. આ બંને નેતા એકસાથે એક મંચ પર બેસતા ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા છે. સુરત લોકસભા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર તરીકે ભાજપના મુકેશ દલાલ અને કોંગ્રેસના નિલેશ કુંભાણી જાહેર થયા હતા. ત્યાર બાદ આંબેડકર જયંતીના દિવસે એકસાથે રિંગ રોડ ખાતે બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ આપવા પહોંચ્યા હતા. એક જ ફોટો ફ્રેમમાં દેખાયા હતા. ત્યાર બાદ જે થયું તે સૌ કોઈ જાણે છે.

# સુરત એરપોર્ટ પર એકસાથે ત્રણ-ચાર વિમાનો આવશે તો પણ ચકરાવો મારવો પડશે નહીં

**સુરત** એરપોર્ટના પરેલલ ટેક્સી ટ્રેક, ફેઝ -1ને DGCAની મંજૂરી



સુરતઃ ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન ( DGCA) દ્વારા આખરે સુરત એરપોર્ટના પેરેલલ ટેક્સી ટ્રેક (PTT)નાં ફેઝ વનનાં ભાગને રનવે પરથી PTT પર ટર્ન લઈ વિમાનોની અવર જવરને મંજૂરી આપવામાં આવી છે. જૂન 2023માં જાહેરાત કરવામાં આવી હતી કે, PTTનું ફેઝ -1 નું કામ પૂર્ણ થયું છે. એ પછી પેરેલલ ટેક્સી ટ્રેકનાં આ ભાગનો ઉપયોગ કરવા DGCAની મંજૂરી માંગવામાં આવી હતી. પણ મંજૂરી મળવામાં 8 થી 9 મહિના લાગ્યા હતા.

DGCAની મંજૂરી મળી ન હોવાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 17 ડિસેમ્બર 2023નાં રોજ આ અધૂરા પ્રોજેક્ટનું લોકાર્પણ કરવાનું ટાળ્યું હતું. કારણકે ફેઝ વનની વર્કિંગ કન્ડીશનની મંજુરી આવી ન હતી. PTT કામનો તબક્કો-1 પહેલેથી જ પૂર્ણ થઈ ગયો છે અને તબક્કા-1ના કામને શરૂ કરવા

...અનુસંધાન પાના 5 પર

# અનાજવાળાઓનો ચોખાનો એક, મસાલાવાળાના મરચાના ત્રણ નમૂના અખાદ્ય હોવાનો રિપોર્ટ

**ચોખામાં** ચેલકી કેરનેસનું પ્રમાણ વધુ, મરચા પાઉડરમાં ટોટલ એશનું પ્રમાણ વધુ મળ્યું

**મનપાના** ફૂડ વિભાગે અનાજવાળા તેમજ મસાલાવાળાને ત્યાં દરોડા પાડી નમૂના લીધા હતા

સુરત : મનપાના ફૂડ વિભાગે થોડા દિવસો પહેલા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી અનાજ, કઠોળના સેમ્પલ લેવામાં આવ્યા હતા. લિંબાયત વિસ્તારમાં ચોખાનું વેચાણ

...અનુસંધાન પાના 5 પર

### કોના નમૂના ફેઇલ ?

1. સરદાર ભગતસિંગ ટ્રેડર્સ (લિંબાયત, મધુનગર, પ્લોટ નંબર 2 ) : ચોખામાં ચેલકી કેરનેસનું પ્રમાણ મેક્સિમમ પાંચ ટકા હોવું જોઈએ જેના કરતા તપાસમાં વધુ નીકળ્યું છે. 2. જલારામ મસાલા સેન્ટર (આનંદ મહેલ રોડ, સાગર કોમ્પ્લેક્સની સામે, અડાજણ) 3. જય બુટભાવની મરચા ફાર્મ (ડીમાર્ટની બાજુમાં, સરથાણા) 4. ગુરૂકૃપા મસાલા (પંચવટી સોસાયટી પાસે, રમણપાર્ક સોસાયટી નજીક, કતારગામ) ( આ તમામના મરચાના પાવડરમાં ટોટલ એશનું પ્રમાણ વધારે મળી આવ્યું, તેમજ નોન વોલાટાઈનનું પ્રમાણ ઓછું મળી આવ્યું હતું)

# ઝાડેશ્વરમાં પ્રદેશ ભાજપ પ્રમુખ પાટીલ સામે ક્ષત્રિય યુવાનોનો વિરોધનો વંટોળ, 12ની અટકાયત

**"જય** ભવાની, હાય રે રૂપાલા હાય હાય"ના ગગનભેદી સૂત્રો ઉચ્ચાર્યા



ભરૂચઃ રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણી મુદ્દે ક્ષત્રિય સમાજમાં ભારે વિરોધ વંટોળ ઊભો થયો છે. ઝાડેશ્વર ખાતે પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલ આવતાં ભરૂચના ક્ષત્રિય યુવાનોએ પહોંચી જઈ ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. "જય ભવાની, હાય રે રૂપાલા હાય હાય"ના ગગનભેદી સૂત્રો ઉચ્ચાર્યા હતા. વિરોધ વખતે ખુદ પોલીસ દોડી આવતાં ૧૨ યુવાનની અટકાયત કરી હતી. યુવાનોની અટકાયત થતાં યુવા અગ્રણી યુવરાજસિંહ જાડેજા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા.

ભરૂચના ઝાડેશ્વર ખાતે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ બુધવારે આવ્યા હતા. એ વખતે કાર્યક્રમ થાય એ પહેલાં લગભગ ૨૦થી ૨૨ ક્ષત્રિય યુવાનો પ્રબળ વિરોધ કરવા ગેટ પર પહોંચી ગયા હતા. યુવાનોએ ''જય ભવાની, હાય રે રૂપાલા હાય હાય''ના સૂત્રો

...અનુસંધાન પાના 5 પર


રૂપિયા સારૂ થયા પછી

વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે



વિશેષ આયુર્વેદિક પદ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો

સંજીવની આયુર્વેદિક

LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત

Mo : 79845 55202



(ચક્ષુ દાતા)

પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સાહિલકુમાર ચેતનભાઈ પટેલ
તા. ૦૧-૦૫-૧૯૮૯
તા. ૨૫-૦૩-૨૦૨૪

એવી નજર કયાંથી લાવવી મારા વાલા કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગણો તાણી. હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી. સદ્ગુરૂ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના..

લિ.

સ્વ. પરભુભાઈ મોરારભાઈ પટેલ | સ્વ. લલિતાબેન પરભુભાઈ પટેલ
ચેતનભાઈ પરભુભાઈ પટેલ | ચંદ્રિકાબેન ચેતનભાઈ પટેલ
ધીરજભાઈ પરભુભાઈ પટેલ | મીનાક્ષીબેન ધીરજભાઈ પટેલ
નિરવ હરીશભાઈ પટેલ | અક્ષિતા નિરવ પટેલ
દિવ્યેશ ધીરજભાઈ પટેલ
મામા નું લાડકું છુકુ- જીવાંશી

નિવાસ સ્થાનઃ ૨૨૭, હનુમાન સ્ટ્રીટ, ગવિયર,સુરત. ૩૯૫૦૦૭



તૃતીય પૂણ્યતિથિએ સ્મરણાંજલિ



સ્વ.મંગલાબેન ગો.રાઠોડ
સ્વ.તા.૨૫-૦૪-૨૦૨૧

સ્વ.ગોપાલભાઈ ઝ. રાઠોડ
સ્વ.તા.૧૩-૦૪-૨૦૨૧

ઘરની છતને લઇ ઉડી ગઈ કાળની ગતિ કોને કહેવાશે
હવેથી આપવીતી?
આપ બન્નેની વિદાય પછી...
તારીખિયેથી ખરેલા ૩૬૫ પાના...
તમારી સ્મૃતિને ખેરવી નથી શક્યાં
ટકટક કરતી ઘડિયાળનાં કાંટા ફરી ફરીને...
તમે હતા... એ સમયને.... ભૂતકાળ નથી બનાવી શકયાં...
દિવાનખંડ તમારી ગેરહાજરીની ખાલી જગ્યા પુરી શકતો નથી...
કારણ કે દિવાલેથી તમારૂ વહાલ હાજરી પૂરાવે છે..
આ તારીખિયું, ઘડિયાળને દીવાલની વચ્ચે ભીંતે તમે...
માત્ર છબીમાં જ છો એવું નથી...
આશીર્વાદ ફરે છે ઘરમાં મોભી સૌ તસ્વીર થયાં છે.
હા જે હૃદયસ્થ હોય છે એ સ્વર્ગસ્થ નથી હોતાં...

લિ. રાઠોડ બ્રધર્સ (બારડોલી)
વિક્રમ રાઠોડ | સ્વ.મયૂરી રાઠોડ
હર્ષ રાઠોડ | જેની દાવડા (USA)
રેશ્મા પરમાર (સુરત), શિલ્પા પરમાર (USA)



છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે વેશુવાલા પરિવારના શ્રધ્ધા સુમન

સમાજ સેવાના મર્મને અંતરમાં ગોપવી લોક-કલ્યાણ મૂલક પ્રકલ્પોના પ્રેરણા સ્ત્રોત



સ્વ.ગીતાબેન તુલસીદાસ સોલંકી(વેસુવાલા) ચૈત્ર સુદ તેરસ સ્વ.તા.૨૫.૦૪.૨૦૧૮

આપનું જીવન અમારી પ્રેરણા હતું, આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા, અમે આપના સરળ અને પ્રમાણીક જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને અને સમાજ સેવાને કયારેય ભુલશું નહી. ભગવાન તમારા આત્માને શાંતિ આપે.

લિ. તુલસીદાસ કે.સોલંકી(વેસુવાલા) લિ.
નિધિષ તુલસીદાસ સોલંકી | તૃપ્તિ એન.સોલંકી
ધૃવ તુલસીદાસ સોલંકી | કોમલ ડી.સોલંકી
ભવ્યા ટી.સોલંકી
વૈદિક, ધ્વનિલ, શૌર્ય, હિરવા, ઝીવા,



પ્રાર્થના સભા



સ્વ. હંસાબેન લાલભાઈ કોન્ટ્રાકટર
જન્મ તા.૧૧-૧૧-૧૯૪૧
સ્વ. તા.૨૦-૦૪-૨૦૨૪

અમારા બેન હંસાબેન લાલભાઈ કોન્ટ્રાકટરનું તા.૨૦-૦૪-૨૦૨૪ના દિને અવસાન થયું છે. દિવંગતના આત્માની શાંતિ માટે એક પ્રાર્થના સભા તા.૨૫-૦૪-૨૦૨૪ને ગુરુવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે નીચેના સરનામે રાખવામાં આવી છે.

સ્થળ
આદર્શ ભવન - આદર્શ હોલ,
આદર્શ નગર સોસાયટી, અઠવાલાઇન્સ, સુરત.
તા.૨૫-૦૪-૨૦૨૪ ગુરુવાર, સાંજે ૪.૦૦થી ૬.૦૦ કલાકે

લિ.
કનૈયાભાઈ લાલભાઈ કોન્ટ્રાકટર
હેમંત લાલભાઈ કોન્ટ્રાકટર
સમસ્ત લાલભાઈ કોન્ટ્રાકટર પરિવાર



ત્રીજી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.ભાવિન (જોની) હર્ષદભાઈ મિસ્ત્રી
(ઉં. વર્ષ : ૩૭)
સ્વ.તા.૨૫/૦૪/૨૦૨૧

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભીષેક અર્પણ કરીએ છીએ. આપનો નવકારમય આત્મા ભવ ભ્રમણથી મુકત થઈ મોક્ષ સુખ પામો. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
હર્ષદભાઈ ઈશ્વરભાઈ મિસ્ત્રી (પિતા)
વસંતીબેન હર્ષદભાઈ મિસ્ત્રી (માતા)
વનિતા ભાવિનભાઈ મિસ્ત્રી (પત્ની)
શિલ્પા હિતેશકુમાર મિસ્ત્રી (બેન)
હિતેશકુમાર રમેશચંદ્ર મિસ્ત્રી (જમાઈ)
તથા સમસ્ત મિસ્ત્રી પરિવાર
Miss You Papa... | Miss You Mama...
દેવાંશ અને વેદાંત | રાજદીપ અને દિવ્યશ્રી

નિવાસ સ્થાન : પી-૧/૨, જી. પી. પાર્ક સોસાયટી, ઉ. મ. રોડ, ભટાર, સુરત.
મો. નં. ૯૮૨૪૧ ૫૩૩૩૨



અવસાન,બેસણું,શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦



ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલી



સ્વ. હરીશભાઈ ઉર્ફે ગોમાનભાઈ લલ્લુભાઈ આહિર
સ્વ. તા. ૨૫-૪-૨૦૨૧

તમારું જીવન અમારી પ્રેરણા, તમારા કાર્યો અમારું ભવિષ્ય,
તથા તમારી શકિત અમારું જીવન બની જશે.
અમારી અશ્રુની ધારા તમારા ચરણે અર્પણ કરીએ છીએ.
ભૂલાઈ જશે બધુ પણ તમો કદી ભૂલશો નહિ.
આપની પ્રેરણાના ફૂલો કદી કરમાશે નહિ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

લિ. શોકાતુર
ગં.સ્વ. રમીલાબેન હરીશભાઈ આહિર (પત્ની)
જેનીશકુમાર હરીશભાઈ આહિર (પુત્ર)
અંજલી હરીશભાઈ આહિર (પુત્રી)
હેમાલી નીલકુમાર આહિર (પુત્રી)
નીલકુમાર સુરેશભાઈ આહિર (જમાઈ)

નિવાસ સ્થાન : નિશાળ ફળિયું, સાંધીએર, તા. ઓલપાડ, જી. સુરત.



ક્ષત્રિય દુઃખદ અવસાન



સ્વ.લીલાવતીબેન હીરાલાલ જરીવાલા
સ્વ.તા.૨૪-૦૪-૨૦૨૪

નિવાસસ્થાન : બી-૨૬૮, સાંઈમોહન વિ.૧, ભેસ્તાન, વડોદ, સુરત.

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા માતૃશ્રી લીલાવતીબેન હીરાલાલ જરીવાલા નું તા.૨૪-૦૪-૨૦૨૪ બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતની સ્મશાન યાત્રા તા.૨૫-૦૪-૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ અમારા નિવાસસ્થાનથી ઉમરા સ્મશાનગૃહ જશે. સદ્ગતની બેસણું તા.૨૬-૦૪-૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે સીંગાપુરી વાડી, લગ્નઉપવન, એ.સી.હોલમાં રાખેલ છે.

લિ. સ્વ.હીરાવાલા ઠાકોરદાસ જરીવાલા
રાહુલ હીરાલાલ જરીવાલા | બિનીતા રાહુલ જરીવાલા
સ્વ.સાધનાબેન નિતીનભાઈ સીંગાપુરી | નિતીનકુમાર મનહરલાલ સીંગાપુરી
આરતી અજય વખારીયા | અજય શશીકાંત વખારીયા
કિન્નરી રાકેશ ભગત | રાકેશ અરૂણભાઈ ભગત
શિવમ રાહુલ જરીવાલા | તનિશ રાહુલ જરીવાલા
સમસ્ત ઝીણાભાઈ નારણદાસ જરીવાલા.



ત્રીજી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ભગુભાઈ રતનજીભાઈ રાઠોડ
સ્વ.તા.૨૫-૦૪-૨૦૨૧
છાપરાભાઠા, સુરત.

પરિવાર જેમનું મંદિર હતું. સ્નેહ જેમની શક્તિ હતી, કર્મ જેમનું કર્તવ્ય હતું પરમાર્થ જેમની ભક્તિ હતી. જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવી સારા સંસ્કારો આપી જીવન જીવવા શીખવી ગયા દેહથી ભલે અદૃશ્ય થઇ ગયા. પરંતુ સ્મૃતિ હંમેશા યાદ રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ અમારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.
ૐ શાંતિ.. શાંતિ... શાંતિ

લિ.
ગં.સ્વ. રૂક્ષ્મણીબેન ભગુભાઈ રાઠોડ
નરેશભાઈ ભગુભાઈ રાઠોડ | દર્શનાબેન નરેશભાઈ રાઠોડ
જીગર નરેશભાઈ રાઠોડ | અવની નરેશભાઈ રાઠોડ
સમગ્ર પરિવાર